સિવિલ હોસ્પિટલમાં છત પરથી મસ મોટું પોપડું ખર્યું...!!

સફાઈ કામ કરતી મહિલા બચી ગઈ : અનેક લેખિત રજુઆતો છતાં સમારકામ હાથ પર લેવાતું નથી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગ્રાઉન્ડ ફલોર પર આઈ.સી.યુ.થી સોનોગ્રાફી વિભાગની લોબીમાં આજે સવારે એક મહિલા કર્મચારી સફાઈ કરી રહી હતી ત્યારે અચાનક છત પરથી મસ મોટું પોપડું ખરી પડતા તેણીનો જીવ તાળવે ચોંટી ગયો હતો. સદભાગ્યે થોડે જ અંતર દુર પોપડું ખરતા મહિલા બચી ગઈ હતી. નોંધનીય બાબત છે કે સિવિલ હોસ્પિટલમાં આ ભયજનક અડી રહેલા બાંધકામ અંગે અનેક લેખિત રજૂઆતો થઈ હોવા છતાં પી.આઈ.યુ. દ્વારા સમારકામ હાથ પર લેવાતું નથી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હજારો દર્દીઓની દરરોજની અવર જવર છે. આવી સ્થિતિમાં આ હોસ્પિટલના કેટલાક વિભાગ કે જેનું નવીનીકરણ થયું નથી અને જુના બાંધકામમાં વિભાગ ઉભો કરી દેવાયો છે ત્યાં પોપડા ખરવા કે છત પડવા જેવી બાબત જીવલેણ બની શકે છે. નવાઈ ની વાત તો એ છે કે આવા વિભાગોમાં સમારકામ કરવા માટે લેખિત રજુઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર સ્હેજ પણ ગંભીર થતું નથી અને આ કામગીરી હાથ પર લેવા વિચાર સુદ્ધાં કરતું નથી. આજે સવારના સુમારે એક મહિલા સફાઈ કર્મચારી ભોગ બનતા રહી ગઈ...! લોબીમાં સફાઈ કામ કરી રહી હતી ત્યારે છત પરથી મોટું પોપડું ખરી પડયું હતું. જો કે સદભાગ્યે તેણી થોડે અંતરે હોવાથી બચી ગઈ હતી..!! પરંતુ પ્રશ્ન છે કે તંત્ર આવી ઘટનાથી કોઈ કર્મચારી કે દર્દીનો ભોગ લેવાય તેની રાહ જોઈ રહ્યું છે...?

મોબાઈલના ટાવરમાંથી બેટરીઓ ચોરી કરતી ટોળકી સક્રિય

વલાદમાં ટાવરની જાળી તોડીને ૨૪ બેટરીઓ ઉઠાવી તસ્કરો ખેતરમાં લઈ ગયા : ચોરીનો પ્રયાસ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં મોબાઈલ ટાવરોના સ્પેર પાર્ટસ પર તસ્કર ટોળકીએ નજર માંડી છે. તાજેતરમાં મોબાઈલ ટાવરમાંથી સ્પેર પાર્ટસ ચોરીના સંખ્યાબંધ કિસ્સાઓ બન્યા છે ત્યારે ડભોડા નજીક સ્થિત વલાદ ગામની સીમમાં વધુ એક આ જ પ્રકારનો ચોરીના પ્રયાસનો બનાવ બન્યો છે જેની ફરિયાદને આધારે ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

ગાંધીનગર નજીક રણાસણ રીંગ રોડ સર્કલ પાસે વલાદ ગામની સીમમાં ઈન્ડસ મોબાઈલના ટાવર છે. આ મોબાઈલ ટાવરને ટાર્ગેટ બનાવીને ઉજી નવેમ્બરથી ૬ઠ્ઠી નવેમ્બરના સમયગાળા દરમિયાનમાં ચોરીનો પ્રયાસ કર્યો છે. મુળ રાજસ્થાન જોધપુર વિસ્તારના અને હાલ અમદાવાદ બોપલ વિસ્તારમાં રહેતા હનુમાનસિંગ ગણપતસિંગ ભાટીએ ડભોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ મુજબ ટાવરની લોખંડની જાળી તોડીને કેબીન તોડી તેમાંથી તસ્કરો ૨૪ બેટરીઓ ઉઠાવી ગયા અને ટાવરની પાછળ ખેતરમાં સંતાડીને ભાગી ગયા હતાં. આ ચોરીના પ્રયાસ અંગે ગુનો નોંધીને પીએસઆઈ કલાસવાએ વધુ તપાસ શરુ કરી છે.

સ્વચ્છતા અભિયાન ચારે તરફ જોર-શોરથી ચાલી રહ્યું છે. ત્યારે પાટનગરના ચ-૬ સર્કલ પાસે કચરો કોઈના ધ્યાન પર આવતો નથી એ નવાઈની વાત છે !! (તસવીર : કશ્યપ નીમાવત)

ટોઈલેટમાં સંતાયેલો કોબ્રા પકડાયો

પુન્દ્રાસણ ગામના એક મકાનના ટોઈટેલટમાંથી કોબ્રા સાપ પકડવામાં આવ્યો છે. ઘરના સભ્યએ વાવોલના જય અંબે સ્નેક લવર્સને ફોન કરતા સ્નેકલવર્સની ટીમ આવી પહોંચી હતી અને ભારે જહેમત બાદ કોબ્રા સાપને પકડી જંગલ વિસ્તારમાં છોડી મુકવામાં આવ્યો હતો.

આજે ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસનો સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લાના કાર્યકરોનું સ્નેહમિલન યોજવામાં આવશે. સમારોહમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે. આજે સવારે ૯.૩૦ વાગે ટાઉનહોલ, સેક્ટર-૧૭ ખાતે સંમેલન યોજાશે. સંમેલનમાં કોંગ્રેસના ધારાસભ્યો, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના પૂર્વ અને ચાલુ પ્રમુખો, સદસ્યો, સરપંચો, કાર્યકરોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આગામી વર્ષે જુલાઈથી ૧૩ મહિના લગ્નના ઢોલ નહિ વાગે

આગામી વર્ષ સિંહસ્થ હોવાથી જુલાઈ ૨૦૧૫ થી ૧૧ ઓગસ્ટ ૨૦૧૬ સુધી લગ્નનું મુહુર્ત જ નથી

ગાંધીનગર, તા.૬

હિન્દુ ધર્મમાં કોઈ પણ માંગલિક કાર્ય, શુભ પ્રસંગ મુહૂર્તોના આધારે શરૂ થાય છે. શુભ ચોઘડીયા, શુભ મુહૂર્તો, ગુરુ-શુક્ર, સૂર્ય અને ચંદ્રની શુભ સ્થિતિ હોય ત્યારે લગ્ન-જનોઈ જેવા શુભ કાર્યક્રમો યોજાય છે. નિષ્ણાતોના મત અનુસાર આગામી વર્ષ સિંહસ્થ હોવાથી શુભ કાર્યો પર બ્રેક લાગી શકે છે. જુલાઈ ૨૦૧૫થી ૧૧ ઓગસ્ટ ૨૦૧૬ સુધી લગ્નનું કોઈ મુહુર્ત જ નથી. હાલમાં શરૂ થયેલો લગ્નગાળો જુન-જુલાઈ સુધી ચાલશે તે પછી લગ્નો પર બ્રેક લાગી જશે.

લગ્ન સમયે સૂર્યની શુભ સ્થિતિ જરુરી છે, સૂર્ય વર્ષ દરમિયાન મેષથી મીન સુધીની બાર રાશિઓમાં પરિભ્રમણ કરે છે. સુર્ય જયારે ગુરુના સ્વામિત્વવાળી ધન અને મીન રાશિમાં પ્રવેશ કરે ત્યારે તેને ધનારક અને મીનારક કહેવાય. આ ધનારક અને મીનારકમાં લગ્નો થઈ શકતા નથી. આજ ગુરુ જયારે સૂર્યના સ્વામિત્વવાળી સિંહ રાશિમાં પ્રવેશ કરે ત્યારે તે સિંહસ્થનું વરસ કહેવાય. આ સિંહસ્થના વરસમાં લગ્ન થતા નથી. ગુરુ મેષથી મીન સુધીની બાર રાશિઓમાં ભ્રમણ કરે છે એક રાશિમાં તો ૧૩ મહિના રહે છે. હાલ ગુરુ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે તે આગામી ૧૬ જુલાઈ ૨૦૧૫ના રોજ સિંહ રાશિમાં પ્રવેશ કરશે. આથી સિંહસ્થના ૧ વરસ દરમિયાન લગ્નાદિ માંગલિક કાર્યો થઈ શકશે નહીં. આ અંગે જ્યોતિષશાસ્ત્રીઓમાં મતભેદ છે. અમુક પંડિતો માને છે કે આ દોષ ગંગા અને ગોદાવરી નદી વચ્ચેના પ્રદેશોમાં લાગુ પડે છે. કેટલાક કહે છે કે આ તર્ક બરાબર નથી કારણ કે ગુરુ અને સૂર્ય બંને જયારે એકબીજાની રાશિમાં ભ્રમણ કરે ત્યારે લગ્નાદિ શુભકાર્યો થઈ શકતા નથી. ગુરુ એ લગ્નજીવનનો કારક ગ્રહ છે. ગુરુ જયારે સૂર્યની રાશિમાં પ્રવેશ કરે ત્યારે લગ્નો કરવા પર નિષેધ છે આ જ રીતે જયારે શુક્ર અસ્ત હોય ત્યારે લગ્નો થઈ શકતા નથી. હાલ શુક્ર તા. ૨-૧૦-૧૪થી અસ્તનો છે તે ૨૬મી નવેમ્બરે ૨૦૧૪ના રોજ ઉદય પામતો હોવાથી ૨૬મી નવેમ્બર સુધી લગ્નના શુભ મહુર્તો નથી. આથી લગ્નનું સૌ પ્રથમ શુભ મુહુર્ત ૧લી ડિસેમ્બર ૨૦૧૪ના રોજ છે.

જયારે સુર્ય ગુરુના સ્વામિત્વવાળી ધન રાશિમાં પ્રવેશ કરે ત્યારે ધનારક કમુર્હુતા શરુ થાય છે. આ વરસે ધનારક ૧૬ ડિસેમ્બર ૨૦૧૪ થી ૧૪-૧-૨૦૧૫ સુધી હોવાથી આ દરમિયાન લગ્નના મુર્હુત નથી તે પછી ૨૧મી જાન્યુઆરી ૨૦૧૫થી ૨૩-૩-૨૦૧૫ સુધી લગ્નના શુભ મુહૂર્તો છે તેપછી જુલાઈ ૨૦૧૫થી ઓગષ્ટ ૨૦૧૬ સુધી ૧૩ મહિના લગ્નોના મુર્હુત નથી.

જ્યોતિષિઓ વચ્ચે મત-મતાંતર

આગામી વરસમાં ૧૩ મહિના સુધી લગ્ન માટે કોઈ મુહુર્ત નહીં હોવાનું શાસ્ત્રોકત પંચાગોને ટાંકીને કહેવામાં આવે છે તેની સામે જયોતિષિઓમાં મત મતાંતર છે. કેટલાક જયોતષિઓના જણાવ્યા અનુસાર શાસ્ત્રોકત રીતે ૧૩ માસ સુધી લગ્ન ન લઈ શકાય તેવું અર્થઘટન કરી ન શકાય. અમુક નિષ્ણાતોના મત અનુસાર ચોકકસ વિસ્તારોમાં ગ્રહની સ્થિતિ જોઈને છુટછાટને અવકાશ છે.

ચિલોડામાં આવેલ પૌરાણિક બ્રહ્માણીમાતાજીના મંદિરે આજે હવન યોજવામાં આવ્યું હતું. કાર્તિકી પૂર્ણિમાના પવિત્ર દિવસે મંદિરના જીર્ણોદ્ધાર બાદ પ્રથમ વખત મંત્રોચ્ચાર સહિત વિધિ પ્રમાણે યજ્ઞ વિધિ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ભાવિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

ગુરૂબાણીના અમૃતથી જીવન સાર્થક કરી શકાય છે : કોહલી

અમદાવાદ, તા.૦૬

રાજયપાલ ઓપી કોલહીએ આજે ગાંધીનગરના ગુરૂદ્વારા ખાતે ગુરૂગ્રંથ સાહેબને માથું ટેકવીને ગુરૂનાનક જયંતિ પ્રસંગે સૌને શુભેચ્છા પાઠવી હતી. દરમિયાન ગુરુ નાનક જયંતિની સાથે સાથે દેવદિવાળી પર્વની પણ પરંપરાગતરીતે ઉજવણી કરવામાં આવી હતી. કેટલાક બાળકોએ ફટાકડા ફોડીને આની ઉજવણી કરી હતી. રાજયપાલએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, શીખ ધર્મના સ્થાપક ગુરૂનાનકજીએ એકતા-સદાચાર અને સહિષ્ણુતાનો મંત્ર સમાજને આપ્યો છે. ગુરૂબાણીના અમૃતથી મનની નિર્મળતા પ્રાપ્ત કરી જીવન સાર્થક કરીએ એમ જણાવી રાજયપાલએ જીવનમાં ભક્તિરસની મહત્તા અને મહાપુરૂષોના જીવન કવનના મહત્વને સમજાવ્યા હતા. આ પ્રસંગે ભક્તિમય વાતાવરણમાં ગુરુગ્રંથ સાહેબના પૂજન અર્ચન અને ગુરુબાણીના પઠન વચ્ચે એરમાર્શલ વિરેન્દ્રસિંહ અને અમુલ ડેરીના ડિરેક્ટર રૂપેન્દ્રસિંહ સોઢીનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. ગાંધીનગર શીખ સમાજ દ્વારા રાજયપાલનું પણ સન્માન કરાયું હતું.

આ ઉપરાંત અમદાવાદના એસજી હાઈવે ખાતે આવેલ ગુરૂદ્વારાની પણ રાજયપાલે મુલાકાત લઈ શ્રદ્ધાપૂર્વક શીશ નમાવી પૂજા-અર્ચન કર્યા હતા. આ પ્રસંગે અવીનાશ કોહલી પણ સહભાગી બન્યા હતા તેમજ સવારે ૪ વાગ્યાથી કીર્તન પાઠ શરૂ કરાયા છે. જેમાં પંજાબથી ખાસ પધારેલા કીર્તન કથાકાર દ્વારા કીર્તન રજુ કરી હાંય છે જ્યારે આખો દિવસ કડાપ્રસાદ તેમજ લંગરનું આયોજન કરાયું છે. દેવદિવાળી અને ગુરુનાનક જયંતિની એક સાથે ઉજવણી કરાઈ હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯
સૂર્યાસ્ત : ૫.૫૭

તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૯.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૪૪ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોર : ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦
: સ્ક્રીન-૪ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોર : ૧.૩૦, ૧૦.૦૦
હૈદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫ ● રોર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦ ● રોર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હૈદર : ૪.૦૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૪૫, ૨.૩૦, ૬.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર :૯.૩૦, ૧.૧૫, ૫.૦૦, ૮.૪૫
સ્ક્રીન-૩ :
સુપર નાની : ૯.૧૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૦૦, ૩.૩૦, ૭.૧૫
રોર : ટાઈગર ઓફ સુંદરવન : ૧૧.૦૦
સ્ક્રીન-૪ :
રોર : ટાઈગર ઓફ સુંદરવન : ૯.૩૦, ૨.૫૦, ૮.૧૦
સુપર નાની : ૧૨.૦૫, ૫.૪૫, ૧૦.૪૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૨ :
સુપર નાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
રોર : ૧.૩૦, ૭.૩૦
સ્ક્રીન-૩ :
રોર : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સુપર નાની : ૧.૧૫, ૭.૧૫

આપની આજ

મેષ : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

ચિરવિદાય

- સ્વ. ગજીબેન મગનજી મકવાણા (ઉ.વ.૭૫) મુ. હાલીસા, તા. દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. બાજીબેન બેચરભાઈ ઠાકોર (ઉ.વ.૭૦) મુ. શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર
- સ્વ. લલીતાબેન ખોડાભાઈ રાવલ (ઉ.વ.૬૨) સેકટર-૨૮, પ્રેસ પાસેનાં છાપરાં, ગાંધીનગર